
# જૈન દર્શનના અભિન્ન અંગો




આશીર્વાદ દાતા :

**પૂજ્ય આ. શ્રી કીર્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.**

સંકલન કર્તા :

**સંયમ શાહ - રોમિલ શાહ**




મજે ગુરુભક્તિ કહાં લેકે આઈ, જહાં મેરે અપને સિવા કોઈ નાહી...!


જૈન દર્શનના અભિન્ન અંગો
नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो,
सव्व पावप्पणासणो,
मंगलाणं च सव्वेसिं,
पटमं हवइ मंगलम्

॥ શ્રી મનોરંજન પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી જિત-હીર-બુધ્ધિ-તિલક-શાંતિચંદ્ર-કનકપ્રભસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

પુસ્તક :

# જૈન દર્શનના અભિન્ન અંગો

આશીર્વાદ દાતા :

**પરમ પૂજ્ય આ.ભ.શ્રી કીર્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.**

માર્ગદર્શન :

**પૂજ્ય મુનિરાજ શ્રી તપપ્રભવિજયજી મ.સા.**

સંકલન કર્તા : **સંયમ શાહ - રોમિલ શાહ**

વિમોચન સ્થળ / પ્રાપ્તિસ્થાન

**ચાતુર્માસ સંવત : ૨૦૬૯-૭૦**

**શ્રી જૈન શ્વે.મૂ.પૂ.સુધારાખાતાની પેઢી**

રવિસાગર ઉપાશ્રય, આઝાદ ચોક, મહેસાણા

મૂલ્ય : **૫૦ રૂપિયા**

પ્રાપ્તિસ્થાન :

**જયવંતલાલ ગીરધરલાલ શાહ :** જૈન પ્રકાશન, દોશીવાડાની પોળ, અમદાવાદ

**રોમિલ વિનીતકુમાર શાહ :** એચ-૨૪, ચિંતન ફ્લેટ, નયનનગર, કૃષ્ણનગર, અમદાવાદ (મો.૯૭૨૭૫ ૧૪૦૦૮)

**પ્રણવભાઈ ભરતભાઈ શાહ :** ૪૦૧/૪૦૨, પાર્શ્વ કોમ્પલેક્ષ, ગંગોત્રી એપાર્ટમેન્ટની સામે, આર.વી.દેસાઈ રોડ, વડોદરા. (મો.૯૮૯૮૫ ૮૫૧૨૩)

મુદ્રણ : **પ્રશમ ગ્રાફિક્સ અમદાવાદ (મો.૯૮૨૫૧ ૮૯૦૯૬)**

# અર્પણ

જેઓની
અસ્ખલિત કૃપા
નિઃસ્વાર્થ પણે વરસી રહી છે તથા
પોતાની સમગ્રતાથી સમગ્ર જીવરાશિની
આધ્યાત્મિક ક્રાંતિ માટે જેઓએ સંપૂર્ણ શુદ્ધ વિજ્ઞાન અને
દર્શન રજૂ કર્યું છે એવા...

**દેવ**

આ આધ્યાત્મિક ઉત્થાનના ભવ્ય ભેખને
જીવમાત્ર સુધી પહોંચાડી સ્વ અને પર બંનેનું
કલ્યાણ નીપજાવતાં...

**ગુરુ**

તથા

પરમ સાધ્ય અને ૮૪ લાખ જીવયોનિના પરિભ્રમણમાં
સુખના એક માત્ર કારણભૂત એવા
શાશ્વત-સંપૂર્ણ-વૈશ્વિક અને સુખમાત્રની
પરંપરા કરનાર...

**ધર્મ**

ને
આ પુસ્તક સમર્પિત કરીએ છીએ...

# પ્રસ્તાવના

જૈન ધર્મ એ ધર્મ કરતાં પણ વિજ્ઞાન વધુ છે અને જૈનદર્શન એટલે સંપૂર્ણ વિજ્ઞાન. સર્વજ્ઞોએ પોતાના સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશમાં જોઈ પ્રકાશેલું વિશિષ્ટ જ્ઞાન એ જૈન દર્શન. અને એટલે જ તેમાં કોઈપણ અપૂર્ણતાને સ્થાન નથી. જેના આધારે જીવનો સર્વાંગી (panoramic) વિકાસ થઈને જ રહે છે.

આ પુસ્તકમાં જૈનદર્શનના અભિન્ન અંગોની પ્રાથમિક્ત પણ રસપ્રદ અને અસરકારક રજૂઆત સરળ શૈલીમાં આપવામાં આવી છે કે જેમાં જૈન જ્યોતિષશાસ્ત્ર, જૈન મંત્રશાસ્ત્ર, જૈન સંગીતશાસ્ત્ર, જૈન વાસ્તુશાસ્ત્ર, જૈન તત્ત્વજ્ઞાન વગેરેની સરળ પણ અત્યંત મહત્ત્વપૂર્ણ બાબતો આવરી લેવામાં આવી છે.

આ જ્ઞાન બતાવનાર જૈન ધર્મનું મજાનું પાસુ એ છે કે એક તરફ અહીં ત્યાગ(છોડી દેવું) અને વૈરાગ્ય(છૂટી જવું)ની વાતો જોરશોરથી કરી છે તો બીજી તરફ જૈન ધર્મના અનુયાયીઓ ખૂબ સમૃદ્ધ થાય જેથી અદ્ભૂત એવા જિનશાસનનો જયજયકાર થઈ રહે તેવી ગૂઢ રહસ્યમય વાતો બતાવી છે. અને તેથી જ ઉપર જણાવેલ જૈન દર્શનના અભિન્ન અંગો ખૂજ મહત્ત્વપૂર્ણ બની રહે છે. આ બધું જ સહુને વધુમાં વધુ ઉપયોગી થઈ રહે એ જ અભ્યર્થના.

અલબત્ત, વાચકવર્ગ પણ આ પુસ્તકના અંશોનો આશય જાણી તેનો અમલ કરે તે જ સાથે વિર્મુ છું.

વિતરાગ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્.

- રોમીલ શાહ

## ॥ॐ॥ પ્રભુ પ્રાર્થના ॥ॐ॥

સ્થાયી

પ્રભુ આજ તારા ચરણોમાં હું વંદુ છું, હું વંદુ છું,
હે ત્રણ ભુવનના શિરતાજને હું વંદુ, હું વંદુ છું...

અંતરા

સંસારના સુખદુ:ખ તણાં, ચક્રો મહીં જકડાયો છું,
એ પગલે પગલે પાપના, પંથે વિચરતો જાઉં છું,
પ્રભુ તારી પાસે લઈ જજે, મને તારજે... સહુને તારજે
પ્રભુ આજ...૦૧

સંસારની જૂઠી માયામાં, તારા નામને હું ભૂલી ગયો,
જીવનના રંગરાગમાં, તારી ભક્તિને હું ભૂલી ગયો,
દીનદુ:ખીયાને તું તારજે, મને તારજે... સહુને તારજે
પ્રભુ આજ...૦૨

મારી જીવનનૈયા ડૂબી રહી, નહીં આશરો મને કોઈનો,
મુજ ભક્તજનની પ્રાર્થના, દિલમાં સદા તું રાખજે,
પ્રભુ નાવિક થઈને તારજે, તું તારજે... સહુને તારજે
પ્રભુ આજ...૦૩



॥ શ્રદ્ધા એ સૌથી મોટો માનવ નિર્મિત ચમત્કાર છે ॥

# પ્રભુ સ્તુતિ


(રાગ : ભૂપાલી, તાલ : ત્રિતાલ)

સ્થાયી

વંદન કરું પ્રથમ દેવ પ્રભુ ચરણ (૨)
શ્રી પ્રભુ પ્રેમે પૂજું, આયો તુજ શરણ (૨)

અંતરો

નિરંજન નિરાકાર, પ્રભુ તમે છો દાતાર (૨)
કાપો દુ:ખ, આપો સુ:ખ, મોક્ષરૂપી શરણાં (૨)



સંગીતમાં પણ આત્માની અનુભૂતિ મેળવવાની શક્તિ પડી છે. જેમ ભાવપૂજા અંતરને ચોટ મારી કર્મોનો કાદવ દૂર કરે છે, તે રીતે સંગીતના સ્વરો પણ આત્માના દ્વારને ખખડાવી શકે છે, પરંતુ તેમાં ભાવ, એકાગ્રતા અને શ્રદ્ધા હોવી જરૂરી છે.

---

સમકિત શ્રદ્ધા અંક હૈ, ઔર અંક સબ શૂન્ય ।
અંક જતન કર રાખીએ, શૂન્ય શૂન્ય દસ ગુણ ।।

# તીર્થંકર પ્રભુની વાણીના ૩૫ ગુણ

ખરેખર અરિહંત પરમાત્માની અદ્‌ભૂત ઠકૂરાઈ (અવર્ણનીય-અકથનીય ઠાઠ-માઠ છતાં તદ્દન અલિપ્ત) સાંભળતા વાંચતા આપણા રોમ રોમ એક અલગ પ્રકારની તાજગીની અનુભૂતિ કરાવે છે.

આજ ઠકુરાઈમાં પ્રભુના ૩૪ અતિશયો છે. જે પૈકી કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં વાણીનો અતિશય, વળી બીજા ૩૫ અદ્‌ભૂત-સર્વશ્રેષ્ઠ ગુણોથી પરિવરેલો છે. જે સાંભળતાં સાંભળતાં એવો અહેસાસ થાય કે ખરેખર આ દેશના જેને સાંભળવા મળે તેવા દેવો-મનુષ્યો અને તિર્યંચો પણ કેવા સૌભાગ્યવંતા હશે...!

## ● ઉચ્ચારણની દષ્ટિએ...

૧) **ઉદાત :** મોટા સ્વરે બોલાતી, કોઈ અશક્ત-માંદલાની જેમ નહીં (ઊંચાં)

૨) **મેઘગંભીરા :** મેઘ જેવા ગંભીર અવાજવાળી

૩) **પ્રતિનાદયુક્ત :** જેનો મીઠો મધુરો પ્રતિનાદ પણ પડે એવી (ગુફામાં જેમ પડઘો પડે તેમ..)

૪) **સંગીતમય :** માલકોષ શાસ્ત્રીય રાગમાં

૫) **સ્નિગ્ધ-મધુર :** મનને આનંદ ઉપજાવનારી (અમૃત-સાકર-સેલડી વગેરે પણ સાવ શુષ્ક-બેહાલ લાગે એવી...)

૬) **વિવિક્ત :** અક્ષર-પદ-વાક્ય સ્પષ્ટપણે સમજાય એવી

૭) **કારક-વિપર્યાસ રહિત :** વિભક્તિ, કાળ, વચન, લિંગ

---

॥ ગુરુ કુમ્હાર, શિષ્ય કુંભ હૈ, ઘડી ઘડી કાઢે ખોટ,
અંદર હાથ સંવાર દે, બાહિર મારે ચોટ ॥

વગેરેના વિરોધ વિનાની (વ્યાકરણની દૃષ્ટિએ)

૮) **અનતિવિલંબી :** ત્રુટકપણા વિનાની અને અતિવિસ્તાર વિનાની

૯) **સત્ત્વપ્રધાન :** સત્ત્વગુણની પ્રધાનતાવાળી (દીનતા કે કાયરતા વિનાની)

૧૦) **અ-ખેદ :** સાંભળનારને ખેદ થાક-કંટાળો ના ઉપજે એવી

**● શબ્દરચનાની દૃષ્ટિએ...**

૧૧) **અભિજાત્ય :** વક્તાની તથા વિવેચનીય વિષયની ભૂમિકાને યોગ્ય

૧૨) **સંસ્કારી :** ઉત્તમ રચના, શબ્દો અને અલંકારયુક્ત

૧૩) **ઉપચારપરીત :** શિષ્ટતા ભરેલી, શ્રોતાનંદ ગૌરવ જળવાય તેવી

૧૪) **શિષ્ટ :** વક્તાની સજ્જનતા-સિદ્ધાન્તાનુસારિતા દર્શાવનારી

૧૫) **ઉચિત :** અવસરનું ઉચિતપણું જળવાય તેવી

૧૬) **અતિહૃદયંગમ :** શ્રોતાના હૃદયમાં એકદમ કંડારાઈ-કોતરાઈ જાય, શ્રોતા મંત્રમુગ્ધ થઈ જાય તેવી

૧૭) **ચિત્રકારી :** પલે પલે આશ્ચર્યજનક રીતે અઢળક પરમ રસ તથા આગળની તીવ્ર આતુરતા બનાવનારી

૧૮) **અદ્‌ભૂત :** વક્તાઓમાં અનન્ય અને અતિ અદ્‌ભૂત

૧૯) **પ્રશંસનીય :** મંત્રમુગ્ધ શ્રોતાઓ મગ્ન થઈને ચારેકોર પ્રશંસાના પુષ્પો વેરે તેવી

## ● દોષરહિતપણાની દૃષ્ટિએ...

૨૦) **દાક્ષિણ** : અત્યંત સરળ, નિખાલસ, સંપૂર્ણપણે અભિમાન રહિતની

૨૧) **અસંદેહકર** : નિશ્ચિત-ઠોસપણે બોધ કરાવી શંકા-સંદેહ રહિતની

૨૨) **વિભ્રમાદિવિયુક્ત** : જેમાં કશી જ ભ્રમણા કે વિક્ષેપ ના હોય એવી

૨૩) **અન્યોત્તરહીન** : ટંકશાળી વચનાયુક્ત, જે દૂષણ અન્ય ઉત્તર રહિતની જ હોય

૨૪) **અપ્રકિર્ણ અપ્રસૃત** : સહેજ પણ વિષયાંતર ન થાય એવી

૨૫) **અવ્યાઘાત** : પૂર્વાપર વચનોમાં વ્યાઘાત-વિરોધાભાસ વિનાની

૨૬) **આત્મશ્લાઘા-પરનિંદા રહિત** : પોતાની પ્રશંસા કે બીજાની નિંદા રહિતની

૨૭) **અમર્મવેધી** : બીજાના મર્મને, ગુપ્ત વાતોને નહિ ખોલનારી

## ● અર્થની દૃષ્ટિએ...

૨૮) **મહાર્થ** : અર્થનું મહાનપણું- વિશાળપણું- સંપૂર્ણપણું જણાવનારી

૨૯) **ઉદાર** : વ્યવહાર તથા નિશ્ચયથી બહુ જ ઉમદા-આદરથી ભરપૂર વાણી, નહીં કે તુચ્છ વાણી

૩૦) **ધર્માર્થ પ્રતિબદ્ધ** : વાસ્તવિક અસલ ધર્મ અને અર્થના સંબંધવાળી

૩૧) **તત્ત્વનિષ્ઠ** : વસ્તુના સ્વરૂપને અનુસરનારું પ્રતિપાદન કરનારી

૩૨) **સાકાંક્ષ :** પૂર્વના વાક્યો-પદોની પરસ્પર અપેક્ષાવાળી (સંબદ્ધ-સામ્યતાવાળી)

૩૩) **અનેકજાતિ વિચિત્ર :** વર્ણવવા યોગ્ય વચનને વિવિધ રીતે વર્ણવનારી

૩૪) **આરોપિત વિશેષતા :** અલૌકિક વાણીને સાંભળનારને શબ્દે શબ્દે આશ્ચર્ય ઉપજાવનારી વિશિષ્ટતાવાળી

૩૫) **અવિચ્છિન્ન :** પ્રરૂપાયેલા વચનને સિદ્ધ સાબિત કરનારી (તર્ક-દૃષ્ટાંત-યુક્તિથી સભર)



॥ યુવાનીમાં પાળેલા વ્રત-નિયમો તથા ગરીબીમાં આપેલું દાન મહાભાગ્યને કરનારા છે ॥

તીર્થંકર પ્રભુની વાણીના આશ્ચર્યકારી ૩૫ ગુણો પૈકી એક એટલે માલકોષ રાગની સુમધુરતા અને શાસ્ત્રના તત્ત્વોને શ્રોતાગણના હૃદયમાં કંડારી એક અકલ્પનીય સંવેદનશીલ અનુભૂતિ કરાવવાની શક્તિ.

આ જ માલકોષ રાગની લાક્ષણિકતા અને તેની અસર પ્રસ્તુત પ્રાર્થનામાં જાણી શકાય છે.

## પ્રાર્થના

(રાગ : માલકોષ, તાલ : ત્રિતાલ)

સ્થાયી

મધુર રાગ માલકોષમાં વહેતી, તીર્થંકરની વાણી
માનવને નવજીવન દેતી, તીર્થંકરની વાણી...

અંતરા

ધીરગંભીર સૂરોમાં સોહે, સુરવર મુનિવર સહુએ મોહે,
શબ્દે શબ્દે પ્રગટ થતી જ્યાં, સ્નેહ તણી સરવાણી...
મધુર રાગ૦૧

વાદી મધ્યમ, ષડજ્ સંવાદી, વાત નથી કોઈ વિષમ વિવાદી,
સાદી ભાષા શબ્દ સરળતા, સહુને એ ઝટ સમજાણી...
મધુર રાગ૦૨

સાગમધનિસાં ની સરગમ, ચાહે સહુનું મંગલ હરદમ,
પથ્થરનાં હૈયાને પલમાં, કરતી પાણી પાણી...
મધુર રાગ૦૩

# માલકોષ રાગની તાકાત તથા રહસ્ય

લગભગ ચાર સૈકા પૂર્વેની વાત. સંગીત સાધનાના અજોડ અદ્વિતીય સાધક તથા એક જ ગુરુના બે હોનહાર શિષ્યોના ઘણા લાંબા સમય પછીના રોમાંચક મિલનનો પ્રસંગ : બૈજુબાવરા અને તાનસેન.

તાનસેનને સંગીત દિગ્વિજયની ઈચ્છા થઈ. નીકળી પડ્યા દિગ્વિજય માટે. બૈજુ બાવરાને જીતવાની આ ઈચ્છા અત્યંત તીવ્ર હતી. ઘણા સંગીતકારોને ખૂબ સરળતાથી હરાવ્યા પણ બૈજુ બાવરાનો ક્યાંય પત્તો ન લાગ્યો.

આ બાજુ સંગીતસાધનાનો આવો છીછરો ઉપયોગ પોતાના ગુરુભાઈ દ્વારા થતો હોવાની જાણ થતાં બૈજુને લાગી આવ્યું પણ તેમને તાનસેનનું અભિમાન ઉતારવાનો નિશ્ચય કર્યો. તેમણે તાનસેનને સ્પર્ધા માટેનું કહેણ મોકલ્યું. મહારાજા અકબરની હાજરીમાં વહેલી પ્રભાતે નગરના ઉપવનમાં આ સ્પર્ધા નક્કી કરવામાં આવી.

બૈજુએ એકાગ્રતાપૂર્વક તલ્લીન થઈ માલકૌંસ રાગ છેડ્યો અને સહુના આશ્ચર્ય વચ્ચે પથ્થર ઓગળવા લાગ્યો અને છેવટે પ્રવાહી થઈ ગયો. તેમાં તેઓ પોતાનો તાનપૂરો મૂકવા જતાં'તાં કે તાનસેને બૈજૂબાવરાના પગ પકડી લીધાં... હાર માની લીધી...

આમ, પત્થરોને પીગળાવવાની તાકાત ધરાવતા આ રાગ દ્વારા કર્મ રૂપી ઘનને પણ પીગાળીને આત્માથી અલગ કરી શકાય છે.

સમસ્ત વિશ્વમાં (૧૪ રાજલોકમાં) સર્વોચ્ચ પદનું

વહન કરવા છતાં સંપૂર્ણપણે અઢારેય પાપોથી પર છે તેવા શ્રી તીર્થંકરો પણ માલકૌંસ રાગમાં દેશના આપે છે, જે સહું જીવોને એવા તો મંત્રમુગ્ધ કરી દે છે કે, બારપર્ષદામાં બેઠેલા સાધુ-સાધ્વીઓ કર્મોનો કેટલોય કાટ માત્ર ને માત્ર શ્રવણ કરતાં કરતાં જ દૂર કરી દે છે. ગૃહસ્થો ત્યાં ને ત્યાં સંસારની બધી જ મોહમાયા વિસરી દીક્ષાની માંગણી પ્રભુ સમક્ષ કરી બેસે છે. અને... મહાભિનિષ્ક્રમણના પંથે ચાલી પણ નીકળે છે. જેમાં મહા પરાક્રમી, અદ્‌ભૂત સુખ સાહ્યબી ભોગવતાં રાજા-મહારાજા-શ્રેષ્ઠીઓ પણ સામેલ હોય છે. ઉપરાંત, તિર્યંચો પોતાનું જન્મજાત વૈર વિસરી તન્મય થઈ... જાણે ઔચિત્ય, શિષ્ટતા, સભ્યતા સાચવતાં હોય તેવી રીતે દેશનામાં એકનાદ બને છે...!

માલકૌંસ રાગના પ્રભાવથી જો પથ્થર પણ પીગળી જાય...! તો વિશ્વના સર્વશ્રેષ્ઠ શ્રી તીર્થંકરના મુખમાંથી વહેતી માલકૌંસ રાગના સંપૂર્ણપણે નીખરેલાં રૂપયુક્ત વાણી, જીવોના સમસ્ત દોષો-કષાયો-પાપો-દુઃખો આત્મા પરથી ખંખેરાવી આપે તેમાં સાનંદાશ્ચર્યની લાગણી થયા વિના ન જ રહે...!



।। ધર્મની શરૂઆત ખુદથી જ થાય છે. ।।

પ્રસ્તુત મંત્રશાસ્ત્રોક્ત વિધિ વ્યક્તિની આધ્યાત્મિક તથા આર્થિક ઉન્નતિ કરી શકે છે. દરેક મંત્રનો વિધિ તથા આશય જાણી તે પ્રમાણે ભાવ ભેળવવાથી તે પ્રગતિના પંથે અણધાર્યા પરિણામની અનુભૂતિ કરાવી શકે..! પ્રકૃતિના અભિન્ન તત્ત્વો વાયુ, જલ વગેરે દ્વારા બાહ્ય વાતાવરણની શુદ્ધિ કરવાની ગોઠવણ પણ શાસ્ત્રકાર ભગવંતોની આપણી સહુ પર અસીમ કૃપા દૃષ્ટિ જ છે. સહુ રોજબરોજના જીવનમાં આ વિધિ કરી બાહ્ય અને આંતરિક સત્ત્વ-સમૃદ્ધિ-શાંતિ-સમાધિ મેળવે એ જ અભ્યર્થના.

## પાપ ઉડાવવાનો મંત્ર

**ૐ હ્રીઁ વાતકુમારાય વિઘ્નવિનાશકાય**
**મહીપૂતાં કુરુ કુરુ સ્વાહા ॥**

પ્રાર્થના :

આવો પધારો વાયુદેવતા,
ભૂમિ અમારી પાવન કરવા...
ભૂમિ અમારી નિર્મળ કરવા...



॥ પહેલું જ્ઞાન પછી દયા, દસવૈકાલિક વાણ,
જ્ઞાન વિના કિરીયા કરે, તે નવિ હોય પ્રમાણ ॥

## પાપ ધોવાનો મંત્ર

**ૐ હ્રીં મેઘકુમારાય ધરાં પ્રક્ષાલય પ્રક્ષાલય**

**હૂઁ ફૂટ્ સ્વાહા ॥**

પ્રાર્થના :

રીમઝીમ રીમઝીમ બરસે બાદલ
આવો પધારો મેઘરાજ તુમ

## કર્મોની સામે કેસરીયા કરવાનો મંત્ર

**ૐ ભૂરસિ ભૂતધાત્રિ સર્વભૂત હિતે**

**ભૂમિ શુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ॥**

પ્રાર્થના :

કેસરના છાંટણા છાંટે યહાં વિધિમાં
કેસરના છાંટણા છાંટે રે લોલ...
અમારે આંગણિયે કેસરના છાંટણાં

## ઘર-મકાન-દુકાન-પરિવારનું રક્ષણ કરવાનો મંત્ર

**ૐ અત્રસ્થ ક્ષેત્રપાલાય સ્વાહા ॥**

પ્રાર્થના :

ક્ષેત્રપાલ દેવતા વિધિમાં પધારજો
વિધિમાં આવીને દરિશન દેજો...

## અશુભ કર્મોના મેલ ધોવાનો મંત્ર

**ૐ નમો વિમલ નિર્મલાય સર્વતીર્થ જલાય**
**પામ્ પામ્ વામ્ વામ્ જ્વીં ક્ષ્વીઁ અશુચિઃ**
**શુચિર્ભવામિ સ્વાહા ॥**

પ્રાર્થના :

મેરુ શિખર પે અભિષેક હોવે રે,
જિન્હે નિરખત અતિ મન મોહે રે...
નીર પ્રભુ કો ચઢાય કે, ચંદન પુષ્પ સજાય કે,
ઔર આત્મદિપક પ્રગટાય કે રે... મેરુશિખર પે...



## હાથના પાપોને ધોવાનો મંત્ર

**ૐ વિદ્યુત્સ્ફૂલિંગે મહાવિદ્યે સર્વકલ્મષં**
**દહ દહ સ્વાહા ॥**

પ્રાર્થના :

ધુઓ ધુઓ રે હાથને ધુઓ રે...
હાથ ધોઈને વિધિ કરજો રે...

---

॥ કોઈપણ કાર્યની શરૂઆતમાં નિર્દોષ પ્રસન્નતા એ જ શ્રેષ્ઠ મુહૂર્ત છે ॥

## હૃદયમાંથી રાગ-દ્વેષ-ઈર્ષ્યા-નિંદા કાઢવાનો મંત્ર

**ૐ વિમલાય વિમલચિત્તાય જ્વીઁ ક્ષ્વીઁ સ્વાહા ॥**

પ્રાર્થના :


તમે હૃદયની શુદ્ધિ કરજો રે મન વસીયા,
તમે માયા-કપટને કાઢજો રે મન વસીયા,
તમે ઈર્ષ્યા-નિંદાને કાઢજો રે મન વસીયા.

## અકસ્માતથી બચવાનો મંત્ર

ક્ષિ - પ - ૐ - સ્વા - હા
ઢીંચણ - નાભિ - હૃદય - મુખ - મસ્તક

હા - સ્વા - ૐ - પ - ક્ષિ
મસ્તક - મુખ - હૃદય - નાભિ - ઢીંચણ

(ઉપરની લીટીના અક્ષર ઉચ્ચારવા સાથે નીચે લખેલા અંગો ઉપર બંને હાથ રાખવા)
(ત્રણ વાર આ વિધિ કરવી)




॥ સત્ત્વશાળીને કોઈ અપશુકન નડતા નથી ॥

## રક્ષાપોટલી મંતરવાનો મંત્ર

**ૐ હૂઁ ક્ષૂઁ ફૂટ્ કિરિટિ કિરિટિ ઘાતય ઘાતય પરકૃત વિઘ્નાય સ્ફેટય સ્ફેટય સહસ્ત્રખંડાન કુરુ કુરુ પરમુદ્રાં છિન્દ છિન્દ પરમંત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ ફૂટ્ સ્વાહા ॥**

## રક્ષાપોટલી બાંધવાનો મંત્ર

**ૐ નમોર્હતે રક્ષ રક્ષ હ્રૂઁ ફૂટ્ સ્વાહા ॥**

પ્રાર્થના :

બાંધો બાંધો બાંધો રે રક્ષાની પોટલી રે...
રક્ષાની પોટલી રક્ષા કરે છે...
કર્મો બધાં મારા દૂર કરે છે...

## ચારગતિનો નાશ કરવાનો મંત્ર

**ૐ હ્રીઁ અર્હત્પીઠાય સ્વાહા ॥**

પ્રાર્થના :

સાથિયા પૂરાવો આજ, તોરણીયા બંધાવો દ્વાર,
આજ મારે આંગણે પધાર્યા ગુરુદેવશ્રી,
જય બોલો જય બોલો જય જય ગુરુદેવની જય...

---

॥ અપ્પાચેવ દમિયવ્વો ॥
બીજા કોઈનું નહીં, આત્માનું દમન કરો.

## પ્રભુનો હૃદય કમલમાં પધરામણી કરવાનો મંત્ર

**(નમોર્હત્...) ૐ નમોર્હત્પરમેશ્વરાય ચતુર્મુખાય પરમેષ્ઠિને દિક્કુમારી પરિપૂજિતાય દેવાધિદેવાય ત્રૈલોક્યમહિતાય અત્રપીઠે તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્વાહા ॥**

## આત્મામાં સત્ત્વ લાવવાનો મંત્ર

**ૐ ઘૃતમાયુર્વૃદ્ધિકરં ભવતિપરં જૈનદૃષ્ટિ સમ્યક્ત્કૃત્ તત્સંયુતઃ પ્રદીપઃ પાતુ સદા ભાવ દુઃખેભ્યઃ સ્વાહા ॥**

## આત્મામાં જ્ઞાનનું અજવાળું કરવા માટેનો મંત્ર

**(નમોર્હત્...) ૐ અર્હમ્ પંચજ્ઞાન મહાજ્યોતિર્મયાય ધ્વાન્તધાતિને દ્યોતનાય પ્રતિમાયા દીપો ભૂયાત્સદાર્હતઃ સ્વાહા ॥**

પ્રાર્થના :

ઘર ઘર દીવડાં પ્રગટાવો, દ્વારે તોરણીયાં બંધાવો,<br>
આ તો આવ્યા રે, અવસર આનંદના...<br>
સખી આજ અનુપમ દીવાળી, અમે કરશું અંતરને અજવાળી,<br>
નાના મોટાં સહુએ આવો, પ્રેમે ગીત પ્રભુનાં ગાવો...<br>
આ તો આવ્યા રે અવસર આનંદના...

---

॥ અપ્પો દીવો ભવઃ ॥<br>
તું તારા આત્માનો દીવો થા.

## દેવતાઓનું આહ્‌વાન કરવાનો મંત્ર

ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ અસિઆઉસા



સિદ્ધપરમેષ્ઠિનઃ અત્ર
અવતરત અવતરત
સંવૌષટ્ નમઃ
સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

## દેવતાને બિરાજવા માટેનો મંત્ર



ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ
અસિઆઉસા
સિદ્ધપરમેષ્ઠિનઃ અત્ર
તિષ્ઠત તિષ્ઠત ઠઃ ઠઃ નમઃ
સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

## દેવતાની નજીક જવાનો મંત્ર



ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ
અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ
મમ સન્નિહિતાં ભવત ભવત
વષટ્ નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ
સ્વાહા ॥

## દેવતાને સ્થિર કરવાનો મંત્ર



ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈઁ હ્રૌઁ હ્રઃ

અસિઆઉસા

સિદ્ધપરમેષ્ઠિનઃ પૂજાં યાવદત્રૈવ

સ્થાતવ્યમ્ નમઃ

સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

## દેવતાને સ્થાન સૂચિત કરવા માટેનો મંત્ર



ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈઁ હ્રૌઁ હ્રઃ

અસિઆઉસા

સિદ્ધપરમેષ્ઠિનઃ પરેષામદશ્યા

ભવત ભવત ફટ્ નમઃ

સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

## દેવતાને બધું જ સમર્પણ કરવાનો મંત્ર



ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈઁ હ્રૌઁ હ્રઃ

અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ

ઈમાં પૂજાં પ્રતીચ્છત પ્રતીચ્છત

નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ

સ્વાહા ॥

---

॥ વિનય વડો સંસારમાં, વિનય ધર્મનો સાર,
વિનયે વિદ્યા આવડે, વિનયે જસ વિસ્તાર ॥

## ૪ દિશામાંથી આધિ-વ્યાધિ-ઉપાધિ રોકવા માટેનો મંત્ર

ૐ કુમુદાય સ્વાહા । (પૂર્વ)

ૐ અંજનાય સ્વાહા । (દક્ષિણ)

ૐ વામનાથાય સ્વાહા । (પશ્ચિમ)

ૐ પુષ્પદંતાય સ્વાહા । (ઉત્તર)

## ૪ દિશામાંથી આધિ-વ્યાધિ-ઉપાધિનો નાશ કરવાનો મંત્ર

ૐ માણીભદ્રાય સ્વાહા । (પૂર્વ)

ૐ પૂર્ણભદ્રાય સ્વાહા । (દક્ષિણ)

ૐ કપિલાય સ્વાહા । (પશ્ચિમ)

ૐ પિંગલાય સ્વાહા । (ઉત્તર)

## ૮ દિશામાંથી આધિ-વ્યાધિ-ઉપાધિને રોકવા-નાશ કરવાનો મંત્ર

ૐ હ્રીં જયાયૈ સ્વાહા । (પૂર્વ)

ૐ હ્રીં જમ્ભાયૈ સ્વાહા । (અગ્નિ)

ૐ હ્રીં વિજયાયૈ સ્વાહા । (દક્ષિણ)

ૐ હ્રીં સ્તમ્ભાયૈ સ્વાહા । (નૈઋત્ય)

ૐ હ્રીં જયન્ત્યૈ સ્વાહા । (પશ્ચિમ)

ૐ હ્રીં મોહાયૈ સ્વાહા । (વાયવ્ય)
ૐ હ્રીં અપરાજિતાયૈ સ્વાહા । (ઉત્તર)
ૐ હ્રીં બન્ધાયૈ સ્વાહા । (ઈશાન)

## ॥૭॥

## ૧૦ દિશામાં આધિ-વ્યાધિ-ઉપાધિ રોકવા રક્ષણ કવચ બનાવવા માટેનો મંત્ર

ૐ ઈન્દ્રાય સ્વાહા । (પૂર્વ)
ૐ અગ્નેયે સ્વાહા । (અગ્નિ)
ૐ યમાય સ્વાહા । (દક્ષિણ)
ૐ નૈઋતાય સ્વાહા । (નૈઋત્ય)
ૐ વરૂણાય સ્વાહા । (પશ્ચિમ)
ૐ વાયવ્યૈ સ્વાહા । (વાયવ્ય)
ૐ કુબેરાય સ્વાહા । (ઉત્તર)
ૐ ઈશાનાય સ્વાહા । (ઈશાન)
ૐ બ્રહ્માણૈ સ્વાહા । (આકાશ)
ૐ નાગાય સ્વાહા । (પાતાળ)







## વિદ્યાપ્રાપ્તિ-તીક્ષ્ણ બુદ્ધિ માટેનો મંત્ર

**ૐ હ્રીં શ્રીં શ્રું શ્રૂં હં સં થઃ થઃ થઃ ઠઃ ઠઃ**
**સરસ્વતી ભગવતી વિદ્યાપ્રસાદમ્**
**કુરુ કુરુ સ્વાહા ॥**

વિધિ : આ મહાન વિદ્યા છે. કોઈ વાસણમાં પાણી લઈ તેમાં પાંચ આંગળી રાખી, રોજ ૧૦૮ વખત મંત્ર ગણવો. તથા આ મંત્રિત પાણી નરણે કોઠે પીવું. આ પ્રમાણે સળંગ ૬ મહિના સુધી વિધિ પાળવાથી અદ્ભૂત વિદ્યાશક્તિ પ્રાપ્ત થાય છે.

## લક્ષ્મી પ્રાપ્તિ માટેનો મંત્ર

**ૐ હ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં**
**લક્ષ્મીં મમ ગૃહે ધનમ્ પૂરય ચિંતા**
**દૂરય દૂરય સ્વાહા ॥**

વિધિ : દિવાળી, ગુરુ પુષ્ય કે રવિપુષ્યમાં આ મંત્રજાપની શરૂઆત કરવી. રોજ વીશ માળા ગણવાથી ધન ધાન્યની વૃદ્ધિ થાય છે.

---

## સર્વ આધિ-વ્યાધિ-ઉપાધિના ઉપાય સમ અને આર્થિક રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ માટેનો મંત્ર

**ૐ નમો ભગવતી પદ્માવતી
સર્વજન મોહિની સર્વકાર્ય કરણી
મમ નિકટ હરણી મમ મનોરથ પૂરણી મમ
ચિંતા ચૂરણી ૐ પદ્માવત્યૈ સ્વાહા ॥**

## ચારે બાજુઓથી આવતાં કષ્ટો-નડતરો-આફતો-દુષ્ટ તત્ત્વોને ચક્રથી છેદી-ભેદી રક્ષણ મેળવવાનો મંત્ર

**ૐ હ્રીં શ્રીં ચક્રેશ્વરી ચક્રવારૂણી ચક્રધારિણી
ચક્રવેગેન મમ ઉપદ્રવ હન હન શાંતિં
કુરુ કરુ સ્વાહા ॥**



॥ ધર્મ સ્થૂળમાં નથી, સૂક્ષ્માં પણ નથી.
ધર્મ તો શૂન્યમાં છે ॥

## કામણ-ટુમણ, નજર લાગી હોય,
## ભૂત-વ્યંતરોના વળગાડ કાઢવાનો મંત્ર

**ૐ હ્રીઁ શ્રીઁ અંબે જગદંબે શુભે શુભંકરે**
**અમુબાલમ્ ભૂતેભ્યો રક્ષ રક્ષ,**
**ગ્રહેભ્યો રક્ષ રક્ષ, પિશાચેભ્યો રક્ષ રક્ષ,**
**વૈતાલેભ્યો રક્ષ રક્ષ, શાકિણેભ્યો રક્ષ રક્ષ,**
**દુષ્ટેભ્યો રક્ષ રક્ષ, શત્રુભ્યો રક્ષ રક્ષ,**
**કાર્મણેભ્યો રક્ષ રક્ષ, દૃષ્ટિ દોષેભ્યો રક્ષ રક્ષ,**
**જયમ્ કુરુ વિજયમ્ કુરુ તુષ્ટિમ્ કુરુ**
**પુષ્ટિમ્ કુરુ**
**ૐ હ્રીઁ શ્રીઁ અંબિકાયૈ સ્વાહા ॥**



*|| You never know how strong you are till Being Strong is The Only choice you have ||*

# નવગ્રહના મંત્ર



## સૂર્ય મંત્ર

**ૐ હ્રીઁ નમો સિદ્ધાણં ।**
**ૐ હ્રીઁ પદ્મપ્રભ નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ પદ્મપ્રભ જિનેન્દ્રસ્ય, નામોચ્ચારેણ ભાસ્કર ।
શાન્તિ તુષ્ટિં ચ પુષ્ટિં ચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયે ।।



## ચંદ્ર મંત્ર

**ૐ હ્રીઁ નમો અરિહંતાણં ।**
**ૐ હ્રીઁ ચન્દ્રપ્રભ નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ ચન્દ્રપ્રભ જિનેન્દ્રસ્ય, નામ્નાતારાગણાધિપ ।
પ્રસન્નો ભવ શાન્તિં ચ, રક્ષાં કુરુ જય ધ્રુવમ્ ।।

।। ધર્મ કરવા કરતાં સૂક્ષ્મતાથી સમજવો,
ધર્મ તો આપોઆપ કરાઈ જશે ।।



## મંગળ મંત્ર

**ૐ હ્રીઁ નમો સિદ્ધાણં ।**
**ૐ હ્રીઁ વાસુપૂજ્યપ્રભો નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ સર્વદા વાસુપૂજ્યસ્ય, નામ્ના શાન્તિ જયશ્રીયમ્ ।
રક્ષાં કુરુ ધરા સુનો, અશુભોઽપિ શુભો ભવ ॥

---



## બુધ મંત્ર

**ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં ।**
**ૐ હ્રીઁ શાન્તિનાથપ્રભો નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ વિમલાનન્ત ધર્માંગઃ શાન્તિ કુન્થુર્નમિસ્તથા ।
મહાવીરશ્ચ યન્નામ્ના, શુભો ભૂયાઃ સદા બુધઃ ॥



## ગુરુ મંત્ર

**ૐ હ્રીઁ નમો આયરિયાણં ।**
**ૐ હ્રીઁ ઋષભદેવપ્રભો નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ ઋષભાજિત સુપાર્શ્વા, શ્ચાભિનન્દન શીતલૌ ।
સુમતિઃ સંભવસ્વામિ, શ્રેયાંસશ્ચ જિનોત્તમઃ ।।
એતત્તીર્થકૃતાં નામ્ના, પૂજ્યોડશુભઃ શુભો ભવ ।
શાન્તિ તૃષ્ટિં ચ પૃષ્ટિં ચ, કુરુ દેવગણાર્ચિત ।।



## શુક્ર મંત્ર

**ૐ હ્રીઁ નમો અરિહંતાણં ।**
**ૐ હ્રીઁ સુવિધિનાથે નમસ્તુભ્યમ્**
**મમં શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ પુષ્પદંત જિનેન્દ્રસ્ય, નામ્ના દૈત્યગણાર્ચિત ।
પ્રસન્નો ભવ શાંતિ ચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયમ્ ।।



## શનિ મંત્ર

**ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।**
**ૐ હ્રીઁ મુનિસુવ્રતપ્રભો નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ શ્રી સુવ્રત જિનેન્દ્રસ્ય, નામ્ના સૂર્યાંગ સંભવ ।
પ્રસન્નો ભવ શાન્તિ ચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયમ્ ।।

---



## રાહુ મંત્ર

**ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।**
**ૐ હ્રીઁ નેમિનાથપ્રભો નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ નેમિનાથ તિર્થેશ, નામતઃ સિંહિકાસુત ।
પ્રસન્નો ભવ શાન્તિ ચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયમ્ ।।

---



## કેતુ મંત્ર

**ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં ।**
**ૐ હ્રીં પાર્શ્વનાથપ્રભો નમસ્તુભ્યમ્**
**મમ શાન્તિં શાન્તિં ।**

પ્રાર્થના :

ૐ રાહો: સપ્તમ રાષિસ્થ, કુરુ ચ પ્રસન્નો ભવ ।
શ્રી મલ્લિપાર્શ્વયો નામ્ના, કેતો ! શાન્તિ જય શ્રીયમ્ ।।



।। અન્યલિંગ (અન્ય વેષધારી)નો મોક્ષ થઈ શકે પણ
અન્ય દર્શનનો મોક્ષ ના થાય ।।

# જ્યોતિષ જ્ઞાન

- ઘરમાં પાંચ વસ્તુ ઊભી રાખવાથી લક્ષ્મીનો નાશ થાય છે. .
૧) ખાટલો, ૨) પાટલો, ૩) ધોકો, ૪) સાંબેલું ૫) સાવરણી
- લક્ષ્મીજીનો ફોટો હંમેશા બેઠેલો હોવો જોઈએ. જેથી લક્ષ્મીજી સ્થિર થાય.
- જાહેરમાં મૂકેલી ઘડિયાળ બંધ રાખવાથી આપણું ભાગ્ય બંધ પડી જાય છે.
- તિજોરીનો કાચ ફૂટેલો રાખવાથી આપણું ભાગ્ય ફૂટી જાય છે.

## કયા વારે કઈ વસ્તુ ખાઈને જવાથી મુહૂર્તના કામમાં સફળતા જ મળે !!

| | |
|---|---|
| **રવિવાર :** | **પાન (પાંદડુ)** |
| **સોમવાર :** | **અરીસામાં પોતાનો હસતો ચહેરો જોવો** |
| **મંગળવાર :** | **ધાણા ખાવા** |
| **બુધવાર :** | **ગોળ ખાવો** |
| **ગુરુવાર :** | **દહીં ખાવું** |
| **શુક્રવાર :** | **રાઈ ખાવી** |
| **શનિવાર :** | **વાવડીંગના દાણા અથવા ચોખ્ખુ ઘી ખાવું** |

---

।। શ્રુતથી દુર્મતિ દૂર ટલે, શ્રુતથી જાય વિકાર,
શ્રુતથી વ્રત સંજમ પલે, શ્રુતથી ભવજલ પાર ।।

# છીંક પ્રકરણ

- આપણી છીંક આપણા માટે હંમેશા ખરાબ
- કોઈ કાર્ય કરવા જતી વખતે...

~ સામેની છીંક ખરાબ (આપણને અટકાવે છે.)
~ પાછળની છીંક સારી (આપણને કાર્ય માટે ધક્કો મારે છે)
~ ડાબી બાજુની છીંક સારી
~ જમણી બાજુની છીંક ખરાબ
~ ઊપરની છીંક સારી (ચડતી કરે)
~ નીચેની છીંક ખરાબ (પડતી કરે)



## કઈ-કઈ છીંક ન ગણવી

- ૫ વર્ષથી નીચેની વયના અને ૭૦ વર્ષથી ઉપરની વયના લોકોની,
- શરદી-તાવ વગેરેના કારણથી આવેલી,
- મરચું કે વઘાર જેવા કારણથી આવેલી છીંક ન ગણવી.

---

।। જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।।
જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે.

# ચમત્કારરૂપ વસ્તુઓ

આ વસ્તુઓ શાસ્ત્રજ્ઞ ગુરુ કે અન્ય જાણકાર વ્યક્તિ પાસે પરીક્ષા કરાવીને જ લેવી, જેથી નકલી આવવાને સ્થાન ન રહે...

કલિયુગમાં કલ્પતરુ સમાન કેટલીક ચીજો રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ-યશ-કીર્તિ-આરોગ્ય-શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. જે આ પ્રમાણે છે :

**૦૧) દક્ષિણાવર્તી શંખ : (જમણેરી શંખ)**



દક્ષિણાવર્તી શંખ બહુ ઓછા મળે છે. જમણેરી શંખ જેના ઘરમાં હોય છે તે શંખ પૂજા વિધિ વગર પણ સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે છે. આર્થિક દૃષ્ટિએ પણ સદ્ધર બને છે. આવો શંખ જો મંત્રસિદ્ધ હોય તો ઘણું સારુ ફળ આપે છે.

**૦૨) શિયાળશીંગી :**



સામાન્યરીતે શિયાળને માથે શિંગ ઊગતા નથી પણ કુદરતના ચમત્કાર રૂપ કોઈ કોઈ શિયાળના માથા પર શીંગ ઊગી આવે છે. આથી તે દુર્લભ છે અને ઘણી મહેનત પછી મળી આવે છે.

જેની પાસે મંત્રસિદ્ધ શિયાળશિંગી હોય તેને આર્થિક તંગી કદાપિ ન સતાવે. શત્રુઓ પર વિજય મળે, કોર્ટ કેસમાં સફળતા મળે... તે નાની સોપારી આકારમાં હોય છે. તેના

પર લાંબા વાળ હોય છે. શિયાળશીંગી સિંદૂરમાં રખાય છે.

અસલ શિયાળશીંગીના વાળ ધીરે ધીરે વધે છે. તેના પર અનેક મંત્રપ્રયોગ થઈ શકે છે.

**૦૩) એકાક્ષી નાળિયેર :**



સંસારની દુર્લભ ચીજોમાંથી એક એકાક્ષી નાળિયેર પણ છે. મોટાભાગના નાળિયેરની અંદરના ગોળા ઉપર બે આંખો જોવા મળે છે, પરંતુ એક આંખવાળો ગોળો જવલ્લે જ જોવા મળે છે. એકાક્ષી નાળિયેરને સાક્ષાત્ લક્ષ્મીજીનું સ્વરૂપ માનવામાં આવે છે. જો ઘરમાં હોય તો સર્વથા આર્થિક ઉન્નતિ માટે અનુકૂળતા પ્રાપ્ત થાય છે.

**૦૪) લઘુનાળિયેર :**



તે માંગલિક તરીકે છે. સાધના-પૂજા વગેરેમાં મૂકાય છે. સવા લાખ જાપથી સિદ્ધ થાય છે. પ્રકૃતિનો મહિમા અપંરપાર છે. બજારમાં મોટા નાળિયેરની સાથે સાથે સોપારી જેવડાં નાના નાળિયેર પણ ઉપલબ્ધ થઈ જાય છે. જે લઘુનાળિયેરને લક્ષ્મીજીનું પ્રતીક માનવામાં આવે છે. શાસ્ત્રાનુસાર શ્રીફળમાં લક્ષ્મીજીનો વાસ છે.

---

।। અનંત તીર્થંકર કહે, રાગદ્વેષ ભવ મૂલ
રાગદ્વેષને જીતવા, સમતા થે અનુકૂલ ।।

**૦૫) રુદ્રાક્ષ :**



જંગલોમાં વૃક્ષો ઉપર રુદ્રાક્ષ થાય છે. રુદ્રાક્ષ દેવને ખૂબ જ પ્રિય છે. એક મુખી થી લઈને એકવીસ મુખી સુધીની રુદ્રાક્ષ હોય છે.

આ બધામાં એક મુખી રુદ્રાક્ષ પ્રાપ્ત થવી લગભગ અસંભવિત છે. દુર્લભ છે. જે અમૂલ્ય છે. જેની પાસે હોય તે મહાભાગ્યશાળી મનાય છે. કોઈપણ પ્રકારના આધિ- વ્યાધિ- ઉપાધિ- સંકટો- કષ્ટો- નડતરો- આફતો- ઉપદ્રવો- પરિષહો આપોઆપ દૂર થાય છે.




જો અસલ એકમુખી રુદ્રાક્ષ ઘરમાં આવે તો પાંચમા આરાનું કલ્પવૃક્ષ જેવું જ ગણાય. તાત્કાલિક ચમત્કારોની હારમાળા સર્જી દે છે. માત્ર નેપાળમાં જ અસલ એકમુખી રુદ્રાક્ષ થાય છે. બજારમાં ઘણું કરીને નકલી રુદ્રાક્ષ મળે છે, જે ભદ્રાક્ષ તરીકે ઓળખાય છે. અને રુદ્રાક્ષના નામે પધરાવી દેવાય છે. માટે જ પરીક્ષા કરાવીને જ રુદ્રાક્ષ ખરીદવી જોઈએ.

**૦૬) ગોમતીચક્ર :**

તે દરિયા-સમુદ્રમાં થાય છે. તે એક પ્રકારનો જીવ જ છે. જીવ નીકળી જાય એટલે

---



તે ગોમતીચક્ર કહેવાય. તે સાત(૭)ના આકારનું હોય છે. અભિમંત્રીત કરી સિદ્ધ કરી આભૂષણોમાં જડી ધારણ કરી શકાય છે. સાધનામાં મૂકી શકાય છે. તે સ્વયં વ્યાપાર અને લક્ષ્મીજીનું પ્રતિક છે. ધંધા-વ્યાપારમાં અસાધારણ ચડતીનો કારક બને છે. સંસારના બધાં જ અટકેલા કાર્યો સફળતાપૂર્વક નીપટે છે.

**૦૭) હાથાજોડી :**



મનુષ્યના હાથના આકારે જંગલોમાં વૃક્ષો ઉપર થાય છે. જેવી રીતે લીમડાના ઝાડ ઉપર ગુંદર નીકળે તેમ થાય છે. મંત્રસિદ્ધ હાથાજોડી, શિયાળશીંગી સિંદૂરમાં રાખી ધંધાના ગલ્લા-તિજોરીમાં રાખવાથી મંત્ર-તંત્ર, કામણ-ટુમણના કોઈ જ પ્રયોગો લાગતા નથી. સુખ શાંતિ અને મંગલમય વાતાવરણ બની રહે છે.

**૦૮) ચણોઠી :**



વેલ જેવાં ઝાડ ઉપર મગના દાણાના આકારના હોય છે. ત્રણ પ્રકારની ચણોઠી હોય છે :

લાલ ચણોઠી - કાળી ચણોઠી - સફેદ ચણોઠી

---

।। રાજ્ય રમા દૂર્લભ નહિ, દુર્લભ નહિ પુર ધામ,
અતિ દુર્લભ છે જીવને, બોધિ રત્ન અભિરામ ।।

મંત્ર તંત્રના કોઈપણ પ્રયોગમાં ઉપયોગ થાય છે.

**૦૯) ઈન્દ્રજાળ :**



ત્રણ પ્રકારની હોય છે.
- કાળી - સફેદ - લાલ
દરિયાના કાંઠે થાય છે. મંત્રસિદ્ધ કરી, મઢાવી રાખવાથી દૃષ્ટિદોષ કામણ-ટૂમણ પ્રયોગો દૂર થાય છે.
નાના બાળકના ભયને દૂર કરવા માદળિયામાં ઈન્દ્રજાળનો ટૂકડો ભરીને કાળા દોરામાં પરોવી, ધૂપ ફેરવી પહેરાવવું જોઈએ.

**૧૦) મૂંગા :**



તે લાલ રંગના હોય છે. તે મંગળનો નંગ કહેવાય છે. તે પહેરવાથી મંગળ ગ્રહ પ્રસન્ન થાય છે. મૂંગાની માળા દ્વારા મંત્ર જાપ કરવાથી તથા તે માળા પહેરવાથી મંગળમય વાતાવરણ બની રહે છે.

**૧૧) શાલિગ્રામ :**



એક પ્રકારનો કાળો પત્થર છે જે પહાડોમાં મળી આવે છે. આ પથ્થરમાં કુદરતના ચમત્કારરૂપ પાણી હોય છે. કાન પાસે લઈ આ પથ્થરને હલાવવાથી જો પાણીનો અવાજ આવે તો તે શાલિગ્રામ સમજવું.
નકલી શાલિગ્રામ પણ બજારમાં

મળે છે. નકલી શાલિગ્રામનો પથ્થર પ્રમાણમાં પોચો હોય છે. અફળાવાથી તૂટી જાય અને અંદરથી ગંદુ પાણી નીકળે કે આપોઆપ ફાટી જાય છે.

**૧૨) સેળો :**

શરીરે કાંટાવાળો હોય છે. પાસે રાખવાથી સર્પ વગેરે નજીક આવતા નથી.

**૧૩) સફેદ આકડો :**



ગણપતિનું પ્રતીક છે. તેની નીચે ધન પણ દટાયેલું હોય છે. કુદરતીપણે તે ઉગેલો હોવો જોઈએ. તેના મૂળિયાં ગણપતિ આકારના હોય છે. વિધિવિધાનપૂર્વક તે ધન વગેરે કાઢી શકાય કારણકે (ક્ષેત્રપાલ) નાગદેવતા તેની રક્ષા કરતાં હોય છે. જો કદાચ તે સફેદ આકડાનું વૃક્ષ સુકાઈ ગયું હોય તો, શુભ મુહૂર્તમાં તેના થડ વગેરેમાંથી ગણેશજીની પ્રતિકૃતિ બનાવીને ઘરમાં રાખવાથી રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિની છોળો ઉછળે છે. પણ, પ્રાયઃ કરીને સફેદ આકડો ધન માટે કાઢવો નહીં. તે પોતે જ રિદ્ધિ સિદ્ધિદાયક છે.

## ૧૪) બિલાડીની ઓટ :



તે બિલાડીના પ્રસૂતિ સમયે બચ્ચાના જન્મ સાથે જે નાળ કચરો નીકળે તે બિલાડીની ઓટ. તે ઘણી મળે છે. બિલાડી પ્રસૂતિ વખતે જ તે લઈ લેવી જોઈએ. પછી બિલાડી તે ખાઈ જાય છે. તે ઓટ લઈને તવી પર ઘીમાં શેકી સૂકવી, ધાતુની ડબ્બીમાં સિંદૂરમાં રાખવાથી તથા પૂજા-મંત્રો વગેરેથી અદ્‌ભૂત સમૃદ્ધિ આવે છે.

## ૧૫) વાઘના નખ :



જેની પાસે હોય તે વાઘ જેવો પ્રભાવી થાય. વધુ ગુસ્સો હોય. આકર્ષક પ્રભાવી અને અટકેલા કાર્યો પૂરા થાય.



ચરમ તીર્થાધિપતિ પ્રભુ મહાવીરના સમયથી શ્રી જૈન શાસનમાં થયેલી ઘટનાવલીઓનો ક્રમિક ઉલ્લેખ અહીં કર્યો છે. જેથી ઈતિહાસના ઝરૂખેથી વર્તમાનકાળમાં પણ સહુ ને તેની ઝાંખી થાય...

**ઈસ્વીસન પૂર્વે... (Before Christ)**

| (B.C.) | વિગત |
|---|---|
| ૮૭૭ | શ્રી પાર્શ્વપ્રભુ જન્મ |
| ૮૪૭ | શ્રી પાર્શ્વપ્રભુ દીક્ષા અને કેવળજ્ઞાન |
| ૮૦૦ | જરથ્રોસ્ટ ધર્મની શરૂઆત |
| ૭૭૭ | શ્રી પાર્શ્વ નિર્વાણ, શુભદત્ત ગણધર પાટ પર |
| ૬૫૮ | સિદ્ધાર્થ રાજા જન્મ |
| ૬૫૬ | ત્રિશલા રાણી જન્મ |
| ૬૧૮ | શ્રેણીક રાજા જન્મ |
| ૬૧૩ | બુદ્ધ જન્મ |
| ૬૦૭ | શ્રી ગૌતમસ્વામી તથા સુધર્માસ્વામી જન્મ |
| ૫૯૯ | શ્રી વીરપ્રભુ જન્મ |
| ૫૬૯ | શ્રી વીરપ્રભુ દીક્ષા |
| ૫૫૬ | શ્રી વીરપ્રભુ કેવળજ્ઞાન |
| ૫૪૩ | શ્રી ગૌતમ બુદ્ધ સ્વર્ગસ્થ |
| ૫૨૭ | શ્રી વીર નિર્વાણ |
| | **વીર સંવત પ્રારંભ** |

॥ જેની ભાષામાં સભ્યતા હોય,
એના જીવનમાં ભવ્યતા હશે જ ॥

## વીર સંવત પ્રારંભ

| વીર સંવત | (B.C.) | વિગત |
|---|---|---|
| ૦ | ૫૨૭ | ઈન્દ્રભૂતિ ગૌતમને કેવળજ્ઞાન |
| | | દીપાવલી પર્વ શરૂ |
| | | જંબુસ્વામી અને પ્રભવસ્વામીની દીક્ષા |
| | | ભસ્મગ્રહનો કન્યારાશી પ્રવેશ |
| ૪ | ૫૨૩ | ચોથા આરાની સમાપ્તિ |
| | | (૩ વર્ષ ૮ાા માસ) |
| | | બીજા દિવસથી પાંચમા આરાની શરૂઆત |
| ૧૨ | ૫૧૫ | શ્રી ગૌતમસ્વામી નિર્વાણ |
| | | શ્રી સુધર્માસ્વામી કેવળજ્ઞાન |
| ૨૦ | ૫૦૭ | શ્રી સુધર્માસ્વામી નિર્વાણ |
| | | શ્રી જંબુસ્વામી કેવળજ્ઞાન |
| ૩૬ | ૪૯૧ | શ્રી શય્યંભવસૂરિ જન્મ |
| ૫૭ | ૪૭૦ | તત્ત્વચિંતક સોક્રેટિસ જન્મ (એથેન્સ) |
| ૬૨ | ૪૬૫ | શ્રી યશોભદ્રસૂરિ જન્મ |
| ૬૪ | ૪૬૩ | શ્રી જંબુસ્વામી નિર્વાણ |
| | | શ્રી પ્રભવસ્વામી યુગપ્રધાન |
| | | શ્રી શય્યંભવસ્વામી દીક્ષા |
| | | શ્રી મનકમુનિ જન્મ |
| ૬૬ | ૪૬૧ | સંભૂતિવિજયજી જન્મ |
| ૭૫ | ૪૫૨ | પ્રભવસ્વામી કાળધર્મ |
| | | શય્યંભવસૂરિ યુગપ્રધાન |
| ૮૨ | ૪૪૫ | શ્રી દશવૈકાલિક સૂત્ર રચના |
| | | મનકમુનિ કાળધર્મ |

| વીર સંવત | (B.C.) | વિગત |
| --- | --- | --- |
| ૯૪ | ૪૩૩ | શ્રી ભદ્રબાહુસ્વામી જન્મ |
| ૯૮ | ૪૨૯ | શય્યંભવસૂરિ કાળધર્મ |
| | | યશોભદ્રસૂરિ યુગપ્રધાન |
| ૧૧૬ | ૪૧૧ | શ્રી સ્થૂલિભદ્રસ્વામી જન્મ |
| ૧૨૦ | ૪૦૭ | પ્લેટો-સોક્રેટિસ મિલન |
| ૧૨૭ | ૪૦૦ | સોક્રેટીસનું વિષ મૃત્યુ |
| ૧૩૯ | ૩૮૮ | ભદ્રબાહુસ્વામી દીક્ષા |
| ૧૪૩ | ૩૮૪ | એરિસ્ટોટલ (સિકંદરના ગુરુ) જન્મ |
| ૧૪૫ | ૩૮૨ | આર્યમહાગિરિ જન્મ |
| ૧૪૮ | ૩૭૯ | યશોભદ્રસૂરિ કાળધર્મ |
| | | સંભૂતિ વિજયજી યુગપ્રધાન |
| ૧૫૬ | ૩૭૧ | સંભૂતિ વિજયજી કાળધર્મ |
| | | ગુરુભાઈ ભદ્રબાહુસ્વામી યુગપ્રધાન |
| | | સ્થુલિભદ્રજી દીક્ષા |
| ૧૭૦ | ૩૫૭ | ભદ્રબાહુસ્વામી કાળધર્મ |
| | | સ્થૂલિભદ્રજી યુગપ્રધાન |
| ૧૭૧ | ૩૫૬ | સિકંદર જન્મ |
| ૧૭૫ | ૩૫૨ | આર્યમહાગિરિ દીક્ષા |
| ૧૮૨ | ૩૪૫ | ચંદ્રગુપ્ત મૌર્ય જન્મ |
| ૧૯૦ | ૩૩૭ | સિકંદર રાજ્યારંભ |
| ૧૯૧ | ૩૩૬ | આર્ય સુહસ્તિ સૂરિ જન્મ |
| | | આર્ય મહાગિરિ દીક્ષા |
| ૨૦૪ | ૩૨૩ | સિકંદર મૃત્યુ |

| | | |
|---|---|---|
| ૨૦૫ | ૩૨૨ | ચંદ્રગુપ્ત મૌર્ય રાજ્યારંભ |
| | | એરિસ્ટોટલ મૃત્યુ |
| ૨૨૧ | ૩૦૬ | આર્ય સૂહસ્તિ સૂરિ દીક્ષા |
| ૨૨૫ | ૩૦૨ | સ્થૂલભદ્રજી કાળધર્મ |
| ૨૩૦ | ૨૯૭ | ચંદ્રગુપ્ત પુત્ર બિંદુસાર રાજ્યારંભ |
| ૨૪૫ | ૨૮૨ | આર્ય સૂહસ્તિસૂરિ યુગપ્રધાન |
| | | આર્ય મહાગિરિ જિનકલ્પી સાધનામાં |
| ૨૫૨ | ૨૭૫ | સમ્રાટ અશોક રાજ્યારંભ |
| | | બિંદુસાર મૃત્યુ |
| ૨૬૧ | ૨૬૬ | આર્ય મહાગિરિ કાળધર્મ |
| ૨૬૨ | ૨૬૫ | મહાકાળ દ્વારા અવન્તિ પાર્શ્વનાથ |
| | | ચૈત્યનું નિર્માણ |
| ૨૬૬ | ૨૬૧ | સમ્રાટ અશોકનું કલિંગનું યુદ્ધ |
| | | મૌર્ય સંવત ચલાવ્યો |
| ૩૦૦ | ૨૨૭ | સંપ્રતિ રાજા સ્વર્ગસ્થ |
| ૩૧૩ | ૨૧૪ | ચીનની દિવાલ બની |
| ૪૦૭ | ૧૨૦ | કાલકાચાર્ય સરસ્વતી થયા |
| ૪૪૭ | ૮૦ | કવિ કાલિદાસ જન્મ |
| ૪૪૯ | ૭૮ | જ્યોતિષી આર્યભટ્ટ જન્મ (કુસુમપુર-પટના) |
| ૪૫૨ | ૭૫ | વિક્રમાદિત્ય જન્મ |
| ૪૫૭ | ૭૦ | કાલકાચાર્ય દ્વારા સંવત્સરી ચોથના દિવસે |
| ૪૬૫ | ૬૨ | કાલકાચાર્ય કાળધર્મ |
| | | **વિક્રમ સંવત પ્રારંભ** |

## વિક્રમ સંવત પ્રારંભ

| વીર સં. | (B.C.) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૪૭૦ | ૫૭ | ૧ | વિક્રમ સંવત પ્રારંભ |
| ૪૯૨ | ૩૫ | ૨૨ | વજ્રસેનસૂરિ જન્મ |
| ૪૯૬ | ૩૧ | ૨૬ | વજ્રસ્વામી જન્મ |
| ૫૦૧ | ૨૬ | ૩૧ | વજ્રસેનસૂરિ દીક્ષા |
| ૫૦૪ | ૨૩ | ૩૪ | વજ્રસ્વામી દીક્ષા |
| ૫૧૯ | ૮ | ૪૯ | દિગંબર મતાનુસાર કુંદકુંદાચાર્ય જન્મ (૧૬ વર્ષ આયુષ્ય) |
| ૫૨૩ | ૪ | ૫૩ | સિંહગિરિ કાળધર્મ<br>વજ્રસ્વામી યુગપ્રધાન |
| ૫૨૪ | ૩ | ૫૪ | આર્યરક્ષિત સૂરિ દીક્ષા |
| ૫૨૬ | ૧ | ૫૬ | જિસસ ક્રાઈસ્ટ જન્મ |

## ઈસવીસન પ્રારંભ (Anno Domini)

| વીર સં. | (A.D) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૫૫૦ | ૨૩ | ૮૦ | જ્યોતિષી વરાહ મિહિર મૃત્યુ |
| ૫૭૬ | ૪૯ | ૧૦૬ | ચંદ્રસૂરિ જન્મ (નાલાસોપારા) |
| ૫૮૪ | ૫૭ | ૧૧૪ | વજ્રસ્વામી કાળધર્મ |
| ૫૯૩ | ૬૬ | ૧૨૩ | આર્યરક્ષિત સૂરિ દ્વારા મંદસૌરમાં આગમોનું ૪ વર્ગોમાં વિભાજન<br>૧૨ વર્ષીય દુકાળ સમાપ્ત<br>સોપારકમાં વજ્રસેન પાસે જિનદત્ત, શેઠ, ઈશ્વરી શેઠાણી, નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્તિ, વિદ્યાધરની દીક્ષા |

| | | | |
|---|---|---|---|
| ૫૯૭ | ૭૦ | ૧૨૭ | આર્યરક્ષિતસૂરિ કાળધર્મ<br>દુર્બલિકા પુષ્પમિત્ર યુગપ્રધાન |
| ૬૦૦ | ૭૩ | ૧૩૦ | પલ્લિવાલ ગચ્છ મતાનુસાર<br>ચન્દ્રસૂરિ પદ |
| ૬૦૫ | ૭૮ | ૧૩૫ | શાલીવાહન શક સંવત પ્રારંભ |
| ૬૦૬ | ૭૯ | ૧૩૬ | દિગંબર મતાનુસાર<br>શ્વેતામ્બર-દિગંબર વિભાજન |
| ૬૦૯ | ૮૨ | ૧૩૯ | શ્વેતામ્બર મતાનુસાર શ્વેતામ્બર-<br>દિગંબર વિભાજન શિવભૂતિ દ્વારા |
| ૬૧૦ | ૮૩ | ૧૪૦ | સામંત ભદ્રચાર્ય દ્વારા<br>વનવાસી ગચ્છ નામકરણ |
| ૬૧૭ | ૯૦ | ૧૪૭ | દુર્બલિકા પુષ્પમિત્ર કાળધર્મ |
| ૬૨૦ | ૯૩ | ૧૫૦ | વજ્રસેનસ્વામી કાળધર્મ<br>ચંદ્રસૂરિ યુગપ્રધાન |
| ૬૪૦ | ૧૧૩ | ૧૭૦ | અચલગચ્છ મતાનુસાર ચંદ્રસૂરિ<br>કાળધર્મ-સામંતભદ્રસૂરિ યુગપ્રધાન |
| ૬૫૦ | ૧૨૩ | ૧૮૦ | તપાગચ્છ મત- ચંદ્રસૂરિ કાળધર્મ<br>સામંતભદ્ર સૂરિ યુગપ્રધાન |
| ૬૫૩ | ૧૨૬ | ૧૮૩ | કોરંટગચ્છી ઉ.દેવચંદ્રજી (વૃદ્ધદેવ<br>સૂરિ) સામંતભદ્રસૂરિના પટ્ટધર |
| ૬૭૩ | ૧૪૬ | ૨૦૩ | વૃદ્ધદેવસૂરિ કાળધર્મ<br>પ્રદ્યોતનસૂરિ યુગપ્રધાન |
| ૬૯૮ | ૧૭૧ | ૨૨૮ | પ્રદ્યોતનસૂરિ કાળધર્મ<br>માનદેવસૂરિ ગચ્છનાયક |
| ૭૧૩ | ૧૮૬ | ૨૪૩ | દિગંબર મતા. ઉમાસ્વાતિજી જન્મ |

| વીર સં. | (A.D) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૭૧૯ | ૧૯૨ | ૨૪૯ | કાલકાચાર્ય થયા |
| ૭૨૮ | ૨૦૧ | ૨૫૮ | તક્ષશિલામાં મરકી રોગોપદ્રવ |
| | | | લઘુશાંતિસ્તવ રચના |
| ૭૩૦ | ૨૦૩ | ૨૬૦ | માનદેવસૂરિ કાળધર્મ |
| | | | માનતુંગસૂરિ ગચ્છનાયક |
| ૭૩૨ | ૨૦૫ | ૨૬૨ | દિગંબર મતા.ઉમાસ્વાતિજી દીક્ષા |
| ૭૫૭ | ૨૩૦ | ૨૮૭ | માનતુંગસૂરિ કાળધર્મ |
| | | | અચલગચ્છ મત-વીરસૂરિ ગચ્છનાયક |
| ૭૭૦ | ૨૪૩ | ૩૦૦ | ઉમાસ્વાતિજી-તત્ત્વાર્થ સૂત્રની રચના |
| ૭૯૩ | ૨૬૬ | ૩૨૩ | વીરસૂરિ કાળધર્મ |
| | | | જયદેવસૂરિ ગચ્છનાયક |
| ૭૯૭ | ૨૭૦ | ૩૨૭ | દિગંબર મતાનુસાર |
| | | | ઉમાસ્વાતિજી કાળધર્મ |
| ૮૩૨ | ૩૦૫ | ૩૬૨ | જયદેવસૂરિ કાળધર્મ |
| | | | દેવાનંદસૂરિ ગચ્છનાયક |
| ૮૮૧ | ૩૫૪ | ૪૧૧ | દેવાનંદસૂરિની ઉપસ્થિતિમાં જ |
| | | | વિક્રમસૂરિ ગચ્છનાયક |
| ૯૭૦ | ૪૪૩ | ૫૦૦ | ધર્મદાસગણિએ ઉપદેશમાલા રચી |
| ૯૮૦ | ૪૫૩ | ૫૧૦ | વલભીપુર આગમ સંશોધન |
| | | | કાલકાચાર્ય, દેવર્દ્ધિગણી ક્ષમાક્ષમણ |
| ૯૮૩ | ૪૫૬ | ૫૧૩ | કાલકાચાર્ય યુગપ્રધાન |
| ૯૯૨ | ૪૬૫ | ૫૨૨ | ધ્રુવસેન સભામાં કાલકાચાર્ય દ્વારા |
| | | | પ્રથમ વખત શ્રી કલ્પસૂત્ર વાંચન |

*|| The Depth of your belief and strength of your conviction determines the power of your personality ||*

| | | | |
|---|---|---|---|
| ૯૯૪ | ૪૬૭ | ૫૨૪ | કાલકાચાર્ય કાળધર્મ |
| | | | સત્યમિત્ર યુગપ્રધાન |
| ૧૦૦૦ | ૪૭૩ | ૫૩૦ | અંતિમ પૂર્વધર સત્યમિત્ર કાળધર્મ |
| | | | દેવર્દ્ધિગણિ કાળધર્મ |
| ૧૦૦૧ | ૪૭૪ | ૫૩૧ | સમુદ્રસૂરિ કાળધર્મ |
| | | | માનદેવસૂરિ ગચ્છનાયક |
| ૧૦૦૨ | ૪૭૫ | ૫૩૨ | જ્યોતિષાચાર્ય આર્યભટ્ટ જન્મ |
| ૧૦૪૭ | ૫૨૦ | ૫૭૭ | અચલગચ્છ મતાનુસાર |
| | | | માનદેવસૂરિ કાળધર્મ |
| ૧૦૯૬ | ૫૬૯ | ૬૨૬ | મોહમ્મદ પયગંબર્ જન્મ (મક્કા) |
| ૧૧૦૯ | ૫૮૨ | ૬૩૯ | જયાનંદસૂરિ રવિભદ્રસૂરિના શિષ્ય |
| ૧૧૩૬ | ૬૦૯ | ૬૬૬ | મોહમ્મદ પયગંબર પદ ઘોષણા |
| ૧૧૩૮ | ૬૧૧ | ૬૬૮ | મોહમ્મદ પયગંબર દ્વારા પ્રચાર |
| ૧૧૪૨ | ૬૧૫ | ૬૭૨ | આર્ય જિનદાસગણિ દ્વારા |
| | | | નંદીસૂત્ર ચૂર્ણિની રચના |
| ૧૧૪૮ | ૬૨૧ | ૬૭૮ | મોહમ્મદ પયગંબર હિજરત, |
| | | | મક્કાથી મદીના, હિજરી સન્ પ્રારંભ |
| ૧૧૫૮ | ૬૩૧ | ૬૮૮ | મોહમ્મદ પયગંબર દેહાંત |
| ૧૨૦૭ | ૬૮૦ | ૭૩૭ | ૧૪૪૪ ગ્રંથ રચયિતા |
| | | | શ્રી હરિભદ્રસૂરિ જન્મ |
| ૧૨૭૦ | ૭૪૩ | ૮૦૦ | બપ્પભટ્ટસૂરિ જન્મ (ભા.સુ-૩) |
| ૧૨૭૧ | ૭૪૪ | ૮૦૧ | પ્રદ્યુમ્નસૂરિ વિદ્યામાન |
| ૧૨૭૪ | ૭૪૭ | ૮૦૪ | થીરપુર નામથી થારાપ્રદ ગચ્છ |
| ૧૨૭૭ | ૭૫૦ | ૮૦૭ | બપ્પભટ્ટસૂરિ દીક્ષા |
| | | | (ગુરુ સિદ્ધસેનસૂરિ) |

| વીર સં. | (A.D) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૧૨૮૧ | ૭૫૪ | ૮૧૧ | બપ્પભટ્ટ સૂરિપદ (ચૈ.વ-૮) |
| ૧૨૯૧ | ૭૬૪ | ૮૨૧ | વનરાજ ચાવડા રાજ્યાભિષેક ગુજરાત સંવત પ્રારંભ |
| ૧૩૦૦ | ૭૭૩ | ૮૩૦ | બપ્પભટ્ટસૂરિ ગચ્છનાયક |
| ૧૩૫૧ | ૮૨૪ | ૮૮૧ | વિમલચંદ્રસૂરિ જન્મ |
| ૧૩૬૦ | ૮૩૩ | ૮૯૦ | બપ્પભટ્ટસૂરિ દ્વારા શ્વેતા.ચિન્હ આમ રાજા મૃત્યુ |
| ૧૩૬૫ | ૮૩૮ | ૮૯૫ | બપ્પભટ્ટસૂરિ કાળધર્મ (ભા.સુ.૬) |
| ૧૪૦૮ | ૮૮૧ | ૯૩૮ | મંત્રપ્રભાવક વીરગણિ જન્મ (ભીનમાલ) |
| ૧૪૩૧ | ૯૦૪ | ૯૬૧ | સિદ્ધર્ષિગણિ દ્વારા ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથરચના (ભીનમાલ) |
| ૧૪૫૦ | ૯૨૩ | ૯૮૦ | વિમલચંદ્રસૂરિ અનશન |
| ૧૫૫૬ | ૧૦૨૯ | ૧૦૮૬ | રાજા ભોજ દ્વારા શાંતિસૂરિને વાદિવેતાલ બિરુદ |
| ૧૫૬૬ | ૧૦૩૯ | ૧૦૯૬ | થારાપ્રદ ગચ્છ વાદિવેતાલ શાંતિસૂરિ કાળધર્મ (ગિરનાર) |
| ૧૫૭૮ | ૧૦૫૧ | ૧૧૦૮ | ધનપાલ કવિ મૃત્યુ |
| ૧૫૭૯ | ૧૦૫૨ | ૧૧૦૯ | મહેન્દ્રસૂરિ કાળધર્મ શોભનમુનિના ગુરુ |
| ૧૬૦૦ | ૧૦૭૩ | ૧૧૩૦ | સર્વદેવસૂરિએ યશોભદ્ર, નેમિચંદ્ર જયસિંહ, રવિભદ્ર, પ્રભાચંદ્ર આદિ ને સૂરિ બનાવ્યા |

*|| To Live is the rarest thing in the world.*
*Most people just exist ||*

| | | | |
|---|---|---|---|
| ૧૬૦૪ | ૧૦૭૭ | ૧૧૩૪ | અજિતદેવ સૂરિ જન્મ |
| ૧૬૧૫ | ૧૦૮૮ | ૧૧૪૫ | હેમચંદ્રાચાર્ય જન્મ |
| ૧૬૧૮ | ૧૦૯૧ | ૧૧૪૮ | વડગચ્છી સર્વદેવસૂરિના શિષ્ય યશોભદ્રસૂરિ કાળધર્મ |
| ૧૬૧૯ | ૧૦૯૨ | ૧૧૪૯ | કુમારપાળ જન્મ |
| ૧૬૨૦ | ૧૦૯૩ | ૧૧૫૦ | પ્રભાવક ચરિત્રાનુસાર હેમચંદ્રાચાર્ય દીક્ષા (માઘ સુ-૪) |
| ૧૬૨૧ | ૧૦૯૪ | ૧૧૫૧ | મુનિચંદ્રસૂરિ પાસે વાદિદેવસૂરિની દીક્ષા |
| ૧૬૨૪ | ૧૦૯૭ | ૧૧૫૪ | હેમચંદ્રાચાર્ય દીક્ષા, ખંભાત |
| ૧૬૩૬ | ૧૧૦૯ | ૧૧૬૬ | હેમચંદ્રાચાર્ય સૂરિપદ, ખંભાત |
| ૧૬૪૪ | ૧૧૧૭ | ૧૧૭૪ | મુનિચંદ્રસૂરિના શિષ્ય અજિત(વાદિ)દેવને સૂરિપદ |
| ૧૬૪૮ | ૧૧૨૧ | ૧૧૭૮ | મુનિચંદ્રસૂરિ કાળધર્મ અજિત(વાદિ)દેવસૂરિ ગચ્છનાયક |
| ૧૬૫૧ | ૧૧૨૪ | ૧૧૮૧ | વાદિદેવસૂરિ-દિગં.કુમુદચંદ્ર વાદ |
| ૧૬૬૨ | ૧૧૩૫ | ૧૧૯૨ | સિદ્ધહેમ વ્યાકરણ નિર્માણ |
| ૧૬૯૬ | ૧૧૬૯ | ૧૨૨૬ | વાદિદેવસૂરિ કાળધર્મ |
| ૧૬૯૯ | ૧૧૭૨ | ૧૨૨૯ | હેમચંદ્રાસૂરિ કાળધર્મ |
| ૧૭૦૬ | ૧૧૭૯ | ૧૨૩૬ | કુમારપાળ મૃત્યુ |
| ૧૭૧૨ | ૧૧૮૫ | ૧૨૪૨ | વસ્તુપાળ જન્મ |
| ૧૭૧૩ | ૧૧૮૬ | ૧૨૪૩ | જગતચંદ્રસૂરિ જન્મ |
| ૧૭૧૪ | ૧૧૮૭ | ૧૨૪૪ | તેજપાલ જન્મ |
| ૧૭૩૦ | ૧૨૦૩ | ૧૨૬૦ | વસ્તુપાલ-તેજપાલના પિતા મંત્રી અશ્વપાલનું મૃત્યુ |

| વીર સં. | (A.D) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૧૭૪૧ | ૧૨૧૪ | ૧૨૭૧ | વસ્તુપાલ-તેજપાલની માતા કુમારદેવીનું મૃત્યુ |
| ૧૭૪૨ | ૧૨૧૫ | ૧૨૭૨ | દાનવીર જગડુશાનો જન્મ |
| ૧૭૬૬ | ૧૨૩૯ | ૧૨૯૬ | જગતચંદ્રસૂરિ કાળધર્મ |
| ૧૭૮૦ | ૧૨૫૩ | ૧૩૧૦ | સોમપ્રભસૂરિ જન્મ |
| ૧૭૯૦ | ૧૨૬૩ | ૧૩૨૦ | માંડવમંત્રી પેથડ દ્વારા ધર્મઘોષ સૂરિની નિશ્રામાં શત્રુંજય સંઘ |
| ૧૭૯૧ | ૧૨૬૪ | ૧૩૨૧ | સોમપ્રભસૂરિ દીક્ષા |
| ૧૭૯૩ | ૧૨૬૬ | ૧૩૨૩ | દેવેન્દ્રસૂરિ દ્વારા વિદ્યાનંદ સૂરિપદ |
| ૧૭૯૭ | ૧૨૭૦ | ૧૩૨૭ | દેવેન્દ્રસૂરિ કાળધર્મ (માલવા) |
| ૧૮૦૨ | ૧૨૭૫ | ૧૩૩૨ | સોમપ્રભ સૂરિપદ |
| ૧૮૨૫ | ૧૨૯૮ | ૧૩૫૫ | સોમતિલકસૂરિ જન્મ |
| ૧૮૨૭ | ૧૩૦૦ | ૧૩૫૭ | ધર્મઘોષસૂરિ કાળધર્મ સોમપ્રભસૂરિ ગચ્છનાયક |
| ૧૮૩૮ | ૧૩૧૧ | ૧૩૬૮ | સોમતિલકસૂરિ દીક્ષા |
| ૧૮૪૧ | ૧૩૧૪ | ૧૩૭૧ | રત્નાકરસૂરિ દ્વારા ક્રિયોદ્ધાર તથા રત્નાકર પચ્ચીશી રચના |
| ૧૮૪૩ | ૧૩૧૬ | ૧૩૭૩ | સોમપ્રભસૂરિ કાળધર્મ સોમતિલક સૂરિપદ |
| ૧૮૫૦ | ૧૩૨૩ | ૧૩૮૦ | જયાનંદસૂરિ જન્મ |
| ૧૮૫૪ | ૧૩૨૭ | ૧૩૮૪ | રત્નાકરસૂરિ કાળધર્મ રત્નાકર ગચ્છ ઉત્પત્તિ |
| ૧૮૫૫ | ૧૩૨૮ | ૧૩૮૫ | રત્નશેખરસૂરિ દીક્ષા |

|| *One cannot solve his problems with the same thinking he used when he created them* ||

| | | | |
|---|---|---|---|
| ૧૮૬૨ | ૧૩૩૫ | ૧૩૯૨ | જયાનંદસૂરિ દીક્ષા |
| ૧૮૬૬ | ૧૩૩૯ | ૧૩૯૬ | દેવસુંદરસૂરિ જન્મ |
| ૧૮૭૦ | ૧૩૪૩ | ૧૪૦૦ | રત્નશેખર સૂરિપદ |
| ૧૮૭૪ | ૧૩૪૭ | ૧૪૦૪ | દેવસુંદરસૂરિ દીક્ષા |
| ૧૮૯૦ | ૧૩૬૩ | ૧૪૨૦ | દેવસુંદર સૂરિપદ |
| ૧૮૯૪ | ૧૩૬૭ | ૧૪૨૪ | સોમતિલકસૂરિ કાળધર્મ |
| ૧૮૯૮ | ૧૩૭૧ | ૧૪૨૮ | રત્નશેખરસૂરિ કાળધર્મ |
| ૧૯૦૬ | ૧૩૭૯ | ૧૪૩૬ | મુનિસુંદરસૂરિ જન્મ |
| ૧૯૦૭ | ૧૩૮૦ | ૧૪૩૭ | સોમસુંદરસૂરિ દીક્ષા |
| ૧૯૧૧ | ૧૩૮૪ | ૧૪૪૧ | જયાનંદસૂરિ કાળધર્મ |
| ૧૯૧૩ | ૧૩૮૬ | ૧૪૪૩ | મુનિસુંદરસૂરિ દીક્ષા |
| ૧૯૨૨ | ૧૩૯૫ | ૧૪૫૨ | રત્નશેખરસૂરિ જન્મ |
| ૧૯૨૭ | ૧૪૦૦ | ૧૪૫૭ | સોમસુંદર સૂરિપદ |
| ૧૯૩૦ | ૧૪૦૩ | ૧૪૬૦ | દેવસુંદરસૂરિ કાળધર્મ |
| | | | સોમસુંદરસૂરિ ગચ્છનાયક |
| ૧૯૩૩ | ૧૪૦૬ | ૧૪૬૩ | રત્નશેખરસૂરિ દીક્ષા |
| ૧૯૩૪ | ૧૪૦૭ | ૧૪૬૪ | લક્ષ્મીસાગરસૂરિ જન્મ |
| ૧૯૪૮ | ૧૪૨૧ | ૧૪૭૮ | મુનિસુંદર સૂરિપદ |
| ૧૯૫૮ | ૧૪૩૧ | ૧૪૮૮ | રત્નશેખરસૂરિ દ્વારા દિનશુદ્ધિ |
| | | | જ્યોતિષ ગ્રંથ રચના |
| ૧૯૬૦ | ૧૪૩૩ | ૧૪૯૦ | લક્ષ્મીસાગરસૂરિ દીક્ષા |
| ૧૯૭૨ | ૧૪૪૫ | ૧૫૦૨ | રત્નશેખર સૂરિપદ |
| ૧૯૭૩ | ૧૪૪૬ | ૧૫૦૩ | મુનિસુંદરસૂરિ કાળધર્મ |
| ૧૯૭૬ | ૧૪૪૯ | ૧૫૦૬ | રત્નશેખરસૂરિ દ્વારા શ્રાદ્ધવિધિ ગ્રંથ |

| વીર સં. | (A.D) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૧૯૮૭ | ૧૪૬૦ | ૧૫૧૭ | રત્નશેખરસૂરિ કાળધર્મ |
| | | | લક્ષ્મીસાગરસૂરિ ગચ્છનાયક |
| ૧૯૯૨ | ૧૪૬૫ | ૧૫૨૨ | હેમવિમલસૂરિ જન્મ |
| ૨૦૦૮ | ૧૪૮૧ | ૧૫૩૮ | હેમવિમલસૂરિ દીક્ષા |
| ૨૦૦૯ | ૧૪૮૨ | ૧૫૩૯ | બાબર જન્મ |
| ૨૦૧૦ | ૧૪૮૩ | ૧૫૪૦ | ભક્ત સૂરદાસ જન્મ |
| ૨૦૧૭ | ૧૪૯૦ | ૧૫૪૭ | આનંદવિમલસૂરિ જન્મ |
| ૨૦૨૨ | ૧૪૯૫ | ૧૫૫૨ | આનંદવિમલસૂરિ દીક્ષા |
| ૨૦૨૪ | ૧૪૯૭ | ૧૫૫૪ | વાસ્કોદગામા કાલિકટ બંદરે |
| ૨૦૨૬ | ૧૪૯૯ | ૧૫૫૬ | હેમવિમલસૂરિ દ્વારા ક્રિયોદ્ધાર |
| ૨૦૩૨ | ૧૫૦૫ | ૧૫૬૨ | તાનસેન જન્મ (ગ્વાલિયર) |
| | | | દાનસૂરિ દીક્ષા |
| ૨૦૪૦ | ૧૫૧૩ | ૧૫૭૦ | આનંદવિમલ સૂરિપદ |
| ૨૦૫૩ | ૧૫૨૬ | ૧૫૮૩ | આનંદવિમલસૂરિ ગચ્છનાયક |
| | | | હીરસૂરિ જન્મ |
| ૨૦૫૪ | ૧૫૨૭ | ૧૫૮૪ | બાબરી મસ્જીદ નિર્માણ |
| ૨૦૫૬ | ૧૫૨૯ | ૧૫૮૬ | હેમવિમલસૂરિ કાળધર્મ |
| ૨૦૫૭ | ૧૫૩૦ | ૧૫૮૭ | દાન સૂરિપદ |
| ૨૦૬૬ | ૧૫૩૯ | ૧૫૯૬ | હીરસૂરિ દીક્ષા |
| | | | આનંદવિમલસૂરિ કાળધર્મ |
| | | | મહારાણા પ્રતાપ જન્મ |
| ૨૦૬૮ | ૧૫૪૧ | ૧૫૯૮ | અકબર જન્મ |
| ૨૦૭૩ | ૧૫૪૬ | ૧૬૦૩ | ભામાશાહ જન્મ |

।। જે વ્યક્તિ ગુરુના ચરણોમાં નિર્બુદ્ધિ બનીને બેસી શકે તે જ સાચો બુદ્ધિશાળી ।।

| | | | |
|---|---|---|---|
| ૨૦૭૪ | ૧૫૪૭ | ૧૬૦૪ | વિજયસેન સૂરિ જન્મ |
| ૨૦૮૦ | ૧૫૫૩ | ૧૬૧૦ | હીર સૂરિપદ (સિરોહી) |
| ૨૦૮૧ | ૧૫૫૪ | ૧૬૧૧ | દાનસૂરિ કાળધર્મ |
| ૨૦૮૨ | ૧૫૫૫ | ૧૬૧૨ | અકબર શાસક બન્યો |
| ૨૦૮૩ | ૧૫૫૬ | ૧૬૧૩ | વિજયસેનસૂરિ દીક્ષા |
| ૨૦૯૫ | ૧૫૬૮ | ૧૬૨૫ | જહાંગીર જન્મ |
| ૨૧૦૪ | ૧૫૭૭ | ૧૬૩૪ | વિજયદેવસૂરિ જન્મ |
| ૨૧૦૬ | ૧૫૭૯ | ૧૬૩૬ | અકબર દ્વારા દીન-એ-ઈલાહી ધર્મ |
| ૨૧૦૭ | ૧૫૮૦ | ૧૬૩૭ | લોંકાયતિ તથા સાધ્વીઓને<br>હીરસૂરિ પાસે સંવેગી દીક્ષા<br>ખંભાત ચાતુર્માસ |
| ૨૧૦૯ | ૧૫૮૨ | ૧૬૩૯ | અકબર-હીરસૂરિ મિલન |
| ૨૧૧૪ | ૧૫૮૭ | ૧૬૪૪ | વિજયસિંહસૂરિ જન્મ (મેડતા) |
| ૨૧૨૨ | ૧૫૯૫ | ૧૬૫૨ | હીરસૂરિ કાળધર્મ (ભા.સુ-૧૧) |
| ૨૧૨૩ | ૧૫૯૬ | ૧૬૫૩ | મહારાણા પ્રતાપ મૃત્યુ |
| ૨૧૨૪ | ૧૫૯૭ | ૧૬૫૪ | વિજયસિંહસૂરિ દીક્ષા |
| ૨૧૨૫ | ૧૫૯૮ | ૧૬૫૫ | અવધૂતયોગી આનંદઘનજી જન્મ |
| ૨૧૨૬ | ૧૫૯૯ | ૧૬૫૬ | વિજયદેવ સૂરિપદ<br>ભામાશાહ મૃત્યુ<br>ઈસ્ટઈન્ડીયા કંપની સ્થાપના |
| ૨૧૩૧ | ૧૬૦૪ | ૧૬૬૧ | અકબર મૃત્યુ |
| ૨૧૪૦ | ૧૬૧૩ | ૧૬૭૦ | કવિ ઋષભદાસ દ્વારા<br>કુમારપાળ રાસ રચના |
| ૨૧૪૧ | ૧૬૧૪ | ૧૬૭૧ | વિજયસેનસૂરિ કાળધર્મ<br>વિજયદેવસૂરિ ગચ્છનાયક |

॥ શ્રમથી શ્રી(લક્ષ્મી)ની પ્રાપ્તિ થાય છે ॥

| વીર સં. | (A.D) | વિક્રમ સં. | વિગત |
|---|---|---|---|
| ૨૧૪૫ | ૧૬૧૮ | ૧૬૭૫ | વિજયપ્રભસૂરિ જન્મ |
| ૨૧૫૧ | ૧૬૨૪ | ૧૬૮૧ | વિજયદેવસૂરિ કાળધર્મ |
| | | | વિજયસિંહ સૂરિપદ |
| ૨૧૫૮ | ૧૬૩૧ | ૧૬૮૮ | ઉપા.યશોવિજયજી દીક્ષા |
| ૨૧૬૮ | ૧૬૪૧ | ૧૬૯૮ | આઈઝેક ન્યુટન જન્મ (ઈંગ્લેન્ડ) |
| ૨૧૬૯ | ૧૬૪૨ | ૧૬૯૯ | યશોવિજયજી કાશીમાં |
| ૨૧૭૮ | ૧૬૫૧ | ૧૭૦૮ | વિજયસિંહસૂરિ કાળધર્મ |
| ૨૧૮૧ | ૧૬૫૪ | ૧૭૧૧ | સત્યવિજયગણિ ક્રિયોદ્ધાર |
| | | | વિજયદેવસૂરિ કાળધર્મ |
| ૨૧૮૮ | ૧૬૬૧ | ૧૭૧૮ | યશોવિજયજી ઉપાધ્યાય પદ |
| ૨૧૯૦ | ૧૬૬૩ | ૧૭૨૦ | કર્પુર વિજયગણિ દીક્ષા |
| ૨૧૯૨ | ૧૬૬૫ | ૧૭૨૨ | ક્ષમાવિજય ગણિ જન્મ |
| | | | ગુરુગોવિંદસિંહ જન્મ |
| ૨૨૦૦ | ૧૬૭૩ | ૧૭૩૦ | આનંદઘનજી કાળધર્મ (મેડતા) |
| ૨૨૧૪ | ૧૬૮૭ | ૧૭૪૪ | ક્ષમાવિજયગણિ દીક્ષા |
| ૨૨૨૬ | ૧૬૯૯ | ૧૭૫૬ | સત્યવિજયગણિ કાળધર્મ |
| ૨૨૩૩ | ૧૭૦૬ | ૧૭૬૩ | ઔરંગઝેબ મૃત્યુ |
| ૨૨૩૪ | ૧૭૦૭ | ૧૭૬૪ | ગુરુગોવિંદસિંહ મૃત્યુ |
| ૨૨૪૦ | ૧૭૧૩ | ૧૭૭૦ | જિનવિજયગણિ દીક્ષા |
| ૨૨૪૫ | ૧૭૧૮ | ૧૭૭૫ | કર્પુરવિજયગણિ કાળધર્મ |
| ૨૨૫૨ | ૧૭૨૫ | ૧૭૮૨ | ક્ષમાવિજયગણિ કાળધર્મ |
| ૨૨૬૨ | ૧૭૩૫ | ૧૭૯૨ | પદ્મવિજયજી જન્મ (શામળાપોળ) |
| | | | અમદાવાદ (ભા.સુ.૨) |
| ૨૨૬૬ | ૧૭૩૯ | ૧૭૯૬ | ઉત્તમવિજયજી દીક્ષા |


|| જે જ્ઞાની છે તે ફરિયાદી ના હોય ||

| | | | |
|---|---|---|---|
| ૨૨૭૫ | ૧૭૪૮ | ૧૮૦૫ | પદ્મવિજયજી દીક્ષા |
| ૨૨૯૭ | ૧૭૭૦ | ૧૮૨૭ | ઉત્તમવિજયજી કાળધર્મ |
| ૨૨૯૯ | ૧૭૭૨ | ૧૮૨૯ | વીરવિજયજી જન્મ (આ.સુ-૧૦) |
| ૨૩૦૯ | ૧૭૮૨ | ૧૮૩૯ | શેઠ મોતીશા જન્મ |
| ૨૩૧૮ | ૧૭૯૧ | ૧૮૪૮ | વીરવિજયજી દીક્ષા |
| ૨૩૩૨ | ૧૮૦૫ | ૧૮૬૨ | પદ્મવિજયજી કાળધર્મ |
| ૨૩૩૩ | ૧૮૦૬ | ૧૮૬૩ | બુટેરાયજી જન્મ |
| ૨૩૩૭ | ૧૮૧૦ | ૧૮૬૭ | વીરવિજયજી પંડિતપદ |
| | | | ગુરુ શુભવિજયજી કાળધર્મ |




પૂજ્ય ગુરુદેવ શ્રી કીર્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.ની
છત્રછાયામાં રહી,
અનેક વિષયોમાં જ્ઞાન મેળવનાર...

## મુમુક્ષુ **સંયમભાઈ શાહ**
## તથા **રોમીલભાઈ શાહ**



**Ajay Singh**




siec

Sonya International

Spirit of International Education and Careers

**Ahmedabad**
606, Sukhsagar Complex,
Usmanpura 'X' Road, Ashram Road
**Tele : 079-3007 6010/11/13**

**V.V.NAGAR (ANAND)**
211, Sigma Complex,
Above "D-Mart" Nr. Sardar Patel Statue
**Tele : 02692-644644 || Cell : 99790 44144**

**Mehsana**
2nd Floor, Astha Complex,
Nr. Sardar Vyapar Sankul, Malgodown Road,
**Tele : 02762-242525 || Cell : 99259 44477**

98251 89096